# બંધારણ 1960

॥ શ્રી કોટયર્ક પ્રસન્નોસ્તુ ॥

## શ્રી સાઠંબા કેળવણી મંડળનું

# બંધારણ તથા ધારાધોરણ

નોંધઃ- તારીખ ૯-૧૦-૧૯૬૦ ની સામાન્ય મીટીંગમાં સભ્યોએ મંજુર કરેલ બંધારણુ છપાવીને પ્રસીદ્ધ કરવામાં આવ્યું છે.

૬. સમુદાયના ભાઈ બહેનો સ્વતંત્ર રીતે ગુજરાન ચલાવી શકે તેવા થાય તે માટે યોગ્ય શિક્ષણ પુરૂ પાડવામાં મદદ કરવી.

૭. વેપારી કે ધંધા હુન્નર ( ) ને લગતી કેળવણી લેતા અગર લેવા ઇચ્છતા ભાઈ બહેનો સ્કોલરશીપ અને, અથવા લોન આપી મદદ કરવી.

૮. જ્ઞાતિની વિધવા બહેનો માટે ગૃહઉદ્યોગ અથવા એવા બીજા ઉદ્યોગો ચલાવવા આર્થિક મદદ કરવી.

૯ જ્ઞાતિના કેળવણી અંગેના સર્વાંગી ઉત્કર્ષ અંગે લોકમત કેળવવા જ્ઞાતિની સભાઓ બોલાવવા માટે ખર્ચ કરવા.

૪. **સભ્યોના પ્રકારઃ–** આ સંસ્થાના નિયમોને અનુસરીને જ્ઞાતિની અઢાર વરસ અને ઉપરની વ્યક્તિ આ સંસ્થાના સભ્ય બની શકશે.

**આ સંસ્થાના સભ્યોના પ્રકાર નીચે મુજબ છે.**

૧. આ સંસ્થાને એકી સાથે રૂ. ૧૦૦૧ અગર તેથી વધારે રકમ આપનાર સંસ્થાના પેટ્રન દાતા ગણાશે અને સભાસદ તરીકેનો તેમનો હક્ક વંશપરંપરાગત ગણાશે. રૂ. ૫૦૧) અગર તેથી વધુ રકમ આપનાર દાતા વાઇસપેટ્રન ગણાશે.

૨. આ સંસ્થાને એકી સાથે રૂ. ૨૫૧) આપનાર સંસ્થાના આજીવન સભ્ય ગણાશે.

૩. વાર્ષિક લવાજમ રૂ. ૧૧) અંકે રૂપિયા અગીયાર અને, અથવા રૂ. ૫) પાંચ રૂપિયા ભરનાર સંસ્થાના સામાન્ય સભ્ય ગણાશે. સ્ત્રીઓ તથા વિદ્યાર્થીઓ વાર્ષિક લવાજમ રૂ. ૨) બે રૂપિયા ભરી પણ સામાન્ય સભ્ય થઇ શકશે

૪. વાર્ષિક સભ્ય સીવાયના કોઈ વર્ગના સભાસદ ઉપલા વર્ગમાં જવા ઇચ્છતો હશે તો ઉપલા વર્ગ માટેની રકમમાંથી પોતે ભરેલી રકમ બાદ કરી બાકીની રકમ આપી ઉપલા વર્ગના સભાસદ થઇ શકશે.

૫. સંસ્થાના સભ્યોનું રજીસ્ટર રાખવામાં આવશે.

૫. આ સંસ્થાના હસ્તક એક કાયમી ભંડોળ રહેશે. આ ભંડોળની રકમ, ટ્રસ્ટ એક્ટથી મંજુર થયેલ સધ્ધર જામીનગીરીઓ, સધ્ધર કંપનીના ડીબેન્ચર્સ કે મ્યુનાસીપલ ડીબે

ન્યસ યા સરકારી લોન લેવામાં તથા સધ્ધર બેંકોમાં અગર પ્રેફ્રન્સ શેરોમાં રોકવામાં આવશે. કોઇપણ સંજોગોમાં જ્ઞાતિની અથવા સમગ્ર વ્યકિતના ત્યાં રાખવામાં આવશે નહિ.

૬. આશ્રયદાતા, સહાયક તથા જીવન સભ્યોના લવાજમોના નાણાં કાયમ ભંડોળમાં લેવામાં આવશે. અને તેની આવકનોજ ઊપયોગ કરી શકાશે. અને તે મૂડીનો અમૂક ભાગ સામાન્યસભાને યોગ્ય લાગે તેઓને ભણુતા વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓને લોન આપવામાં ઊપયોગ કરવો.

૭. આ સંસ્થા કોઇપણ જાતની બક્ષીસ અગર ટ્રસ્ટો મંડળના ધારા ધોરણુ અનુસરીને હરકોઇ વ્યકતી પાસેથા સ્વીકારી શકશે.

૮. આ સંસ્થાના નાણાં તથા ઊપજ ફ્કત સંસ્થાના હેતુઓ પાર પાડવામાંજ વપરાશે.

૯. સંજોગવશાત આ સંસ્થા બંધ પડે યા છુટી કરવામાં આવે તો તે વખતે તેની અસ્કયામત સભ્યોમાં વહેંચી લેવામાં આવશે નહિ પરંતુ કેળવણી ધ્વારા જ્ઞાતિની પ્રગતિ સાધવા તેનું એક ટ્રસ્ટ **"શ્રી સાઠંબા સમુદાય કેળવણી ટ્રસ્ટ"** ના નામે કરી સરકાર કે અન્ય કોઇ સધ્ધર સંસ્થાને સોંપવામાં આવશે.

૧૦. આ સંસ્થાનું વરસ કારતક સુદી ૧ થી ગણુવામાં આવશે. અને તે પ્રમાણે સંસ્થાનો વાર્ષિક હીસાબ રાખવામાં આવશે.

૧૧. સેવા કરનાર જ્ઞાતિનો કોઇપણ વિરલ વ્યકિતને આ સંસ્થા પોતાના માનનિય સભ્ય નીમી શકશે.

૧૨. આ સંસ્થાનો લાભ લેનારા માટે અરજી ફોર્મ્સ તથા નિયમો કારોબારી સમિતિ નક્કી કરશે. અને તેમાં વખતો વખત ફેરફાર કરી શકશે.

૧૨. આ સંસ્થાનોકોઇપણ હોદ્દેદાર અગર સભ્ય આ સંસ્થાના નાણુનિો જાણી બુજીને ગેરવ્યય કરે અગર તો એવા ગેરવ્યયમાં તેનો ભાગ હોય અગર તો તે પોતાની જવાબદારીમાં એવી સખત બેદરકારી રાખે કે કાયદાની દ્રષ્ટીએ તેણે નાણાંનો ગેરવ્યય કર્યો લેખાય તો તે વ્યકતી તેટલા નાણુનિો જવાબદાર ગણાશે. તે સીવાય તેની બીજી કોઈપણ અંગત જવાબદારી લેખાશે નહિ.

## ૧૪. સામાન્ય સભા:-

૧. આ સંસ્થાના દરેક પ્રકારના સભ્યો જેવા કે:- દાતા, ઉપદાતા, સહાયક, જીવનસભ્ય, વાર્ષીક સભ્યો તથા માનનીય સભ્યોની સમગ્ર સભા સામાન્ય સભા કહેવાશે. આવી સભા વરસમાં એકવાર બોલાવવામાં આવશે. કારોબારી સમીતીને યોગ્ય લાગે ત્યારે ખાસ સામાન્ય સભા બોલાવી શકશે. સભ્યોની કુલ સંખ્યાનો ¼ ભાગ અથવા ૨૫ તે બેમાંથી જે સંખ્યા ઓછી હશે તેટલા સભ્યોની લેખીત અરજી આવેથી અરજી મલ્યાની તારીખથી એક માસમાં ખાસ સામાન્ય સભા કારોબારી કમીટી બોલાવશે. આ ખાસ સભામાં અરજીમાં જણાવેલા કામકાજ સીવાય બીજું કામકાજ થઇ શકશે નહિ.

૨. સામાન્ય સભા તથા ખાસ સામાન્ય સભામાં ૩૦ સભ્યોનું કોરમ જરૂરી લેખાશે. કોરમના અભાવે મુલત્વી રહેલી મીટીંગ બે કલાક પછી તેજ દીવસે એજન્ડા પુરતી મલી શકશે અને સદર મીટીંગે કરેલું કાર્ય કાયદેસર ગણાશે.

૩. સામાન્ય સભામાં સરખા મત પડતાં પ્રમુખને વધારાનો એક મત આપવાનો હક્ક રહેશે.

૪. સામાન્ય સભામાં પ્રમુખ અધ્યક્ષ સ્થાન લેશે. પ્રમુખની ગેરહાજરીમાં કે પ્રમુખની ઇચ્છાથી ઉપપ્રમુખ અધ્યક્ષ સ્થાન લેશે. પ્રમુખ કે ઉપપ્રમુખની ગેરહાજરીમાં સભા પ્રમુખ તરીકે કોઇપણ ગૃહસ્થને ચુંટી શકશે.

૫. વાર્ષીક સામાન્ય સભામાં આ સંસ્થાની કારોબારી સમિતીએ મંજુર કરેલો હિસાબ તથા હેવાલ રજુ કરવામાં આવશે. અને તે મંજુરી માટે મુકવામાં આવશે. સમાજના ભણતા બાળકો તરફથી આવેલી લોન તથા શિષ્યવૃતિ માટે આવેલી અરજીઓનો નિકાલ કરશે. અને લોન તથા શિષ્યવૃતીની રકમ મંજુર કરવામાં આવશે તેમજ આગામી વરસનું બજેટ મંજુર કરવામાં આવશે. ત્યાર બાદ નવી ચુંટણીનું કામકાજ હાથ ધરવામાં આવશે.

૬. સામાન્ય સભા પ્રમુખ, એક ઉપપ્રમુખ, બે મંત્રીઓ. એક ખજાનચી અને એક ઓડીટરની ચૂંટણી દરેક વરસે કરશે. કારોબારીનો સભ્ય ન હોય તેવા સભ્યોને જ ઓડીટર તરીકે ચુંટવામાં આવશે. મંડળના સભ્ય ન હોય તેવા ધંધાદારી ઓડીટરને પણ ઓડીટર તરીકે ચૂંટી કાઢવામાં આવશે.

૭. સામાન્ય સભા ત્રણ ટ્રસ્ટીઓ ચૂંટી કાઢશે જેમની મુદત ત્રણ વરસની રહેશે.

૮. સામાન્ય સભા પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રીઓ, ખજાનચી તથા ટ્રસ્ટીઓ ઊપરાંત બીજા પંદર સુધીના સભ્યોની કારોબારી સમિતિ ચુંટી કાઢશે. આ પ્રમાણે વધારેમાં વધારે તેવીસ સુધીના સભ્યોની કારોબારી સમિતિ બનશે.

૯. કારોબારી સમિતિનું કોરમ સાત સભ્યોનું રહેશે.

૧૦. કારોબારી સમિતિ વરસમાં ઓછામાં ઓછી બે વખત મળશે.

૧૧. હોદ્દેદારો તથા કારોબારી સમતિના સભ્યોની મુદત બીજી ચૂંટણી થાય ત્યાં સુધીની રહેશે.

૧૨. સામાન્ય સભાના હોદ્દેદારો કારોબારી સમિતિના તેજ પ્રકારના હોદ્દેદારો ગણાશે.

૧૩. વારસીક સામાન્ય સભાનું કામકાજ પુરૂ કર્યા પછી પ્રમુખની સંમતિથી આ વખતે સંસ્થાના હિતના કોઈપણ પ્રશ્ન ઉપર ચર્ચા કરી શકાશે.

૧૫. કારોબારી સમિતિનું કાર્ય:-

૧. આ મંડળના ઉદ્દેશોને લગતું જે કામકાજ હાથધરવામાં આવે તેનો વહીવટ કરવાનું :તેમજ તેને લગતું ખરચ કરવાનું.
૨. મંડળના ફંડનો વહીવટ કરવાનું તથા વ્યવસ્થા કરવાનું તે નાણું એકઠાં કરવાનું.
૩. સંસ્થાના ઉદ્દેશોને અમલમાં મુકવા માટે પેટા કાનુનો ઘડશે.
૪. સંસ્થા અંગેના તમામ કાયદેસરના કામો પોતાને નામે કરી શકશે.
૫. કારોબારી સમિતિએ કરેલા નિર્ણયો ત્રણ માસ સુધી ફેરવી મુકાશે નહિ.

૧૬. પ્રમુખની ફરજો:-

૧. સામાન્ય સભા. કારોબારી સમિતિના દરેક કામો ઉપર દેખરેખ રાખવાનું તથા સભાનું નિયમન કરવાનું.
૨. મંડળના અંગે થયેલા ખરચ ઉપર દેખરેખ રાખવાનું.
૩. મંત્રીઓ તરફથી તેમની આગળ લાવવામાં આવે તે કામો જરૂર જણાયે સામાન્ય સભા આગળ રજુ કરવાનું.
૪. જરૂર જણાયે સરકયુલર દ્વારા મીટીંગ બોલાવવાનું.

૧૭. ઉપ પ્રમુખની ફરજો:-

૧. પ્રમુખની ગેરહાજરીમાં તેમની સઘળી ફરજો બજાવવાનું.

૧૮. મંત્રીઓનું કામકાજ:-

૧. મંડળને લગતો સઘળો પત્ર વ્યવહાર કરવાનું.

૨. મંડળને આપવામાં આવેલી રકમોની પાવતીઓ રાખવાનું તથા બીલો પસાર કરવાનું.
૩. વરસ આખરે વારસીક અહેવાલ તૈયાર કરવાનું.
૪. દરેક સભાની કાર્યવાહી રાખવાનું અને સભાના સરકયુલરો કાઢવાનું.
૫. મંત્રીઓ અણધાર્યા સંજોગોમાં કારોબારી સમિતિની મંજુરી વગર એકજ પ્રસંગે રૂા. ૧૫) પંદર સુધીનું ખરચ કરી શકશે. પણ આવા કરેલા ખરચની મંજુરી ત્યાર પછીની કારોબારી સમિતિમાં લેવી પડશે.
૬. મંત્રીઓ પોતાની પાસે રૂા. ૨૫) પચીસ સુધીની રકમ રાખી શકશે.

૧૯. **ખજાનચીની ફરજો:-**

૧. મંડળનો હીસાબ રાખવાનું.
૨. વરસ આખરે વારસીક હીસાબ તૈયાર રાખવાનું.
૩. ખજાનચી પોતાની પાસે રૂા. ૫૦૦) પાંચસો સુધીની રકમ રાખી શકશે.

૨૦. **ઓડીટરનું કામ:-**

૧. મંડળનો હીસાબ તપાસીને તેનો રીપોર્ટ પ્રમુખને કરવાનું રહેશે.

૨૧. **સામાન્ય બાબતો:-**

૧. મંડળની બધી મીલ્કત અને ફંડ સમસ્ત મંડળની માલીકીના છે. કોઇપણ વ્યક્તિનો તેના ઉપર કોઇપણ જાતનો હક રહેશે નહીં. બધી મીલ્કત સામાન્ય સભાએ નક્કી કરેલા ટ્રસ્ટીઓના નામ ઊપર રહેશે.

૨૨. નિયમન સંબંધી બધા વાંધાઓનો નિર્ણય આપણી ભારત સંસદના નિયમોની પ્રણાલીકા પ્રમાણે કરવામાં આવશે.

૨૩. કોઈપણ સભ્યની વર્તણુંક આ સંસ્થાના હિત વિરૂધ્ધ જણાય તો કારોબારી સમિતિએ તેવા પ્રકારનો નિર્ણય લીધા પછી તેવા સભ્યોનો ખુલાસો લીધા બાદ સામાન્ય સભા બોલાવી હાજર

રહેલા સભ્યોના ઓછામાં ઓછા ૩/૪ મતની બહુમતીએ તે સભ્યનું નામ સભાસદની નામાવળીમાંથી રદ કરવામાં આવશે.

૨૪. કોઇ અનિવાર્ય સંજોગોમાં આ સંસ્થાને દેવું કરવાની જરૂર પડે તો આ સંસ્થાની એક ખાસ સામાન્ય સભા બોલાવવામાં આવશે. તેવી સભાનું કોરમ મંડળના સભ્યોના ૩/૪ ભાગનું રહેશે. અને એવે સભામાં હાજર રહેલાના ૩/૪ વધુમતીથી ઠરાવ કરવામાં આવશે. આવી સભા નોન કોરમ થશે તો ત્યાર પછીની મુલત્વી રહેલી સભામાં ૩૦ સભ્યોની હાજરી અનીવાર્ય લેખાશે. અને હાજર સભ્યોની ૩/૪ વધુમતે ઠરાવ કરવામાં આવશે તે છેવટનો ગણાશે.

૨૫ વરકન્યાના લગ્ન વખતે વર તરફથી રૂા. ૫) તથા કન્યા તરફથી રૂા. ૨) મળી કુલ્લે રૂા. ૭) સાત લેવાનું ઠરાવવામાં આવે છે. સદર રૂા. ૭) સાત રૂપિયા કન્યાપક્ષવાળાએ મોકલી આપવાના છે.

૨૬ આ બંધારણની કલમોમાં ફેરફાર કરવાની જરૂર જણાય તો તે સામાન્ય સભા કરી શકશે.

**સ્પષ્ટી કરણઃ**– બંધારણમાં જ્યાં "જ્ઞાતિ" શબ્દ આવે છે ત્યાં સાઠંબા સમુદાય પંચની જ્ઞાતિ સમજવી.

ઉપરની બંધારણની કલમો દરેક હાજર રહેલા (૫૫) સભ્યોને વાંચી સંભળાવી દરેક સભાસદની સંમતીથી તા. ૯–૧૦–૬૦ ની ડેમાઈ મુકામે મળેલ સામાન્ય મીંટીંગમાં મંજુર કરવામાં આવેલું છે.

[illegible] એ ધારણમાં સુધારા-વધારા કરી પસાર કરેલ

## જે વાર્ષિક સામાન્ય સભાની બહાલી માટે

૧) કલમ ૫ પાનું ૩

આ સંસ્થાના હસ્તક એક કાયમી ભંડોળ રહેશે. આ ભંડોળની રકમ, ટ્રસ્ટ એકટથી મંજૂર થયેલ સધ્ધર જામીનગીરીઓ, સધ્ધર કંપનીના ડીબેન્ચર્સ કે મ્યુનીસીપલ ડીબેન્ચર્સ યા સરકારી લોન લેવામાં તથા સધ્ધર બેંકોમા અગર પ્રેફરન્સ શેરોમાં રોકવામાં આવશે. કોઈ પણ સંજોગોમાં જ્ઞાતિની અથવા સમગ્ર વ્યક્તિના ત્યાં રાખવામાં આવશે નહિ.

ફેરફાર :- આ સંસ્થાના હસ્તક એક કાયમી ભંડોળ રહેશે. આ ભંડોળની રકમ, ટ્રસ્ટ એકટથી મંજૂર થયેલ સધ્ધર જામીનગીરીઓ, સધ્ધર કંપનીના ડીબેન્ચર્સ કે મ્યુનીસીપલ ડીબેન્ચર્સ યા સરકારી લોન લેવામાં તથા સધ્ધર બેંકોમાં અગર આવકવેરાના કાયદા મુજબના રોકાણોમાં અગર પ્રેફરન્સ શેરોમાં રોકવામાં આવશે. કોઈપણ સંજોગોમાં જ્ઞાતિની અથવા સમગ્ર વ્યક્તિના ત્યાં રાખવામાં આવશે નહિ.

કલમ ૧૪ પાનું ૪ પેટાકલમ ૨

સામાન્ય સભા તથા ખાસ સામાન્ય સભામાં ૩૦ સભ્યોનું કોરમ જરૂરી લેખાશે. કોરમના અભાવે મુલત્વી રહેલી મીટીંગ બે કલાક પછી તેજ દિવસે એજન્ડા પુરતી મળી શકશે અને સદર મીટીંગે કરેલું કાર્ય કાયદેસર ગણાશે.

ફેરફાર :- સામાન્ય સભા તથા ખાસ સામાન્ય સભામાં ૩૦ સભ્યોનું કોરમ જરૂરી લેખાશે. કોરમના અભાવે મુલત્વી રહેલી મીટીંગ અડધા કલાક પછી તેજ સ્થળે એજન્ડા પુરતી મલી શકશે અને સદર મીટીંગે કરેલું કાર્ય કાયદેસર ગણાશે.

પાનું ૫ કલમ ૧૪ પેટા કલમ ૬

સામાન્ય સભા પ્રમુખ - એક ઉપ પ્રમુખ - બે મંત્રીઓ, એક ખજાનચી અને એક ઓડીટરની ચુંટણી દરેક વરસે કરશે.

ફેરફાર :- સામાન્ય સભા પ્રમુખ - બે ઉપ પ્રમુખ - એક મંત્રી અને બે સહ મંત્રી- એક ખજાનચી અને એક ઓડીટરની ચુંટણી દરેક વરસે કરશે.

પાનું ૫ પેટા કલમ ૮

સામાન્ય સભા પ્રમુખ - ઉપ પ્રમુખ - મંત્રીઓ - ખજાનચી તથા ટ્રસ્ટીઓ ઉપરાંત પંદર સભ્યોની કારોબારી સમિતિ ચૂંટી કાઢશે. આ પ્રમાણે વધારેમાં વધારે તેવીસ સુધીના સભ્યોની કારોબારી સમિતિ બનશે.

ફેરફાર :- સામાન્ય સભા પ્રમુખ - ઉપ પ્રમુખ - મંત્રીઓ, ખજાનચી તથા ટ્રસ્ટીઓ ઉપરાંત બીજા એકવીસ સુધીના સભ્યોની કારોબારી સમિતિ ચુંટી કાઢશે. આ પ્રમાણે વધારેમાં વધારે એકત્રીસ સુધીના સભ્યોની કારોબારી સમિતિ બનશે.

પાનું ૭ કલમ ૧૮ પેટા કલમ ૫

મંત્રીઓ અણધાર્યા સંજોગોમાં કારોબારી સમિતિની મંજુરી વગર એક જ પ્રસંગે રૂા. ૧૫ સુધીનું ખરચ કરી શકશે.

ફેરફાર :- મંત્રીઓ અણધાર્યા સંજોગામાં કારોબારી સમિતિની મંજુરી વગર રૂા. ૨૫૦] સુધીનું ખરચ કરી શકશે.

પાનું ૭ કલમ ૧૮ પેટા કલમ ૬

મંત્રીઓ પોતાની પાસે રૂા. ૨૫] સુધીની રકમ રાખી શકશે.

ફેરફાર :- ~~આ કલમ રદ કરવી.~~ [illegible] ૩,૧૦૦/-

[illegible]